# દેશમાં ટિમ્બરની આયાતનો ૬૦ ટકા હિસ્સો કંડલા ઊતરે છે

## એશિયાના સૌથી મોટા કંડલાના ટિમ્બર ઉદ્યોગથી સરકારને કસ્ટમ ડ્યૂટીની અબજોની આવક : દાયકામાં ૨૦૧૨-૧૩માં સૌથી વધુ ૪૩.૫૪ લાખ ક્યુબિક મીટર આયાત : ન્યૂઝીલેન્ડ દ્વારા લાકડાંમાં વેરવામાં આવતી એમબીઆર દવાના લાદવામાં આવનારા પ્રતિબંધથી ટિમ્બર ઉદ્યોગ ચિંતામાં : ભારત સરકાર દ્વારા એમબીઆર દવાના બદલે અન્ય વિકલ્પ શોધવો જરૂરી નહીં તો ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગી જશે

**ઉદય અંતાણી દ્વારા**

ગાંધીધામ, તા. ૫ : સ્વપ્નનું ઘર બનાવવું હોય તો બારી-દરવાજા ઉપરાંત ઘરની સાજ-સજ્જા માટે લાકડું જરૂરી જ છે. ભારતમાં સર્વોચ્ચ અદાલત દ્વારા જંગલો કાપવા પર પ્રતિબંધ મુકાયા બાદ વિદેશમાંથી ભારતના વિવિધ બંદરોએ ટિમ્બરની આયાત થાય છે. દેશભરના મહાબંદરો પર થતી આયાતમાં સર્વોચ્ચ ક્રમે કંડલા મહાબંદર આવે છે. ગાંધીધામ સંકુલમાં વિકસેલા એશિયાના સૌથી મોટા ટિમ્બર ઉદ્યોગે ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયમાં અનેક તડકી-છાંયડી જોઈ છે અને હજુ પણ આ ઉદ્યોગ અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે. વધુ પડતો જીએસટી, ઓનલાઈન ટ્રાન્ઝીટ પાસ મેળવવામાં પડતી મુશ્કેલી સહિતના પ્રશ્નો આ ઉદ્યોગને સતાવી રહ્યા છે. તો જેનો વિદેશમાં એમબીઆર દવાના છંટકાવ પર પ્રતિબંધ લદાવાનો છે ત્યારે ભારતમાં આ જ દવાનો આગ્રહ રખાતાં આગામી સમયમાં ઉદ્યોગ સાવ પડી ભાંગે તેવી દહેશત ઉદ્યોગકારોને સતાવી રહી છે.

એશિયાના સૌથી મોટા એવા ટિમ્બર ઉદ્યોગના ગુજરાતમાં અને કંડલા બંદરે થયેલા મંડાણના ઈતિહાસ પર નજર કરીએ તો સૌપ્રથમ ૧૯૮૫ના અરસામાં ભાવનગર ખાતે આયાતી ટિમ્બરનું જહાજ આવ્યું હતું, પરંતુ માળખાકીય સુવિધા સહિતના અભાવે ત્યાં આ ઉદ્યોગ વિકસી ન શક્યો. બાદમાં ૧૯૮૬ના અરસામાં કંડલા બંદરે સૌપ્રથમ વખત ટિમ્બરનું જહાજ આવ્યું હતું. કોલકાતાના વેપારીએ જહાજ મંગાવ્યું હતું. જે તે સમયે લાકડાં વેચતાં તેમને નાકે દમ આવી ગયો હતો. જ્યારે આજે ત્રણ દાયકા બાદ પરિસ્થિતિ એવી છે કે દેશના ૨૨ રાજ્યોમાં ગાંધીધામથી લાકડાં જાય છે.

વર્ષ ૧૯૯૩માં નોર્થ કસ્ટમર સર્વોચ્ચ અદાલત દ્વારા લાકડાં કાપવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો ત્યારથી કંડલા બંદરે આયાતી લાકડાંના ઉદ્યોગને વિકાસની નવી પાંખો મળી હતી. જે તે વખતે રાજ્ય સરકારના પ્રયત્નોથી આયાતી ટિમ્બર ઉદ્યોગને સો મિલ લાયસન્સ મળવાના શરૂ થયા હતા. આ ઉદ્યોગના વિકાસમાં વધુ પ્રાણ ૨૦૦૪-૦૫માં ફૂંકાયા. ગાંધીધામ, ભચાઉ, અંજાર અને મુંદરા એમ ચાર તાલુકાને ટિમ્બર ઝોન તરીકે જાહેર કરાયા હતા. જેથી સો મિલ અને પ્લાયવૂડના લાયસન્સ સરળતાથી મળ્યા હતા. ૧૯૯૦માં ૫૦ હજાર ઘન મીટર આયાત થયું હતું, જ્યારે છેલ્લા દાયકામાં થયેલા સતત વધારા બાદ ૪૩ લાખ ઘન મીટરે પહોંચ્યું છે.

છેલ્લા એક દાયકાના ટિમ્બર આયાતના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૩.૫૫ લાખ, ૨૦૦૮-૦૯માં ૨૩.૫૯ લાખ, ૨૦૦૯માં ૩૨.૯૫ લાખ, ૨૦૧૦-૧૧માં ૩૭.૨૮ લાખ, ૨૦૧૧-૧૨માં ૪૧.૩૧ લાખ, ૨૦૧૨-૧૩માં ૪૩.૫૪ લાખ, ૨૦૧૩-૧૪માં ૩૯.૨૬ લાખ, ૨૦૧૪-૧૫માં ૩૯.૫૨ લાખ, ૨૦૧૫-૧૬માં ૩૫.૧૭ લાખ, ૨૦૧૬-૧૭માં ૩૭.૬૪ લાખ, ૨૦૧૭-૧૮માં ૩૭.૬૪ લાખ અને ૨૦૧૮ એપ્રિલ-મે સુધીમાં ૬.૦૬ લાખ ક્યુબિક મીટર ટિમ્બરની આયાત કંડલા બંદરેથી થઈ છે. એક દાયકાના આંકડા પર નજર કરીએ તો ૨૦૦૭થી ૨૦૧૨ સુધી ક્રમશઃ આયાતમાં વધારો થયો છે પરંતુ ૨૦૧૩માં પાંચ લાખ ક્યુબિક મીટરનો અને ૨૦૧૫-૧૬માં ૯ લાખ ક્યુબિક મીટરનો ધરખમ ઘટાડો આયાતમાં થયો છે.

પાંચ વર્ષમાં આયાતમાં થયેલા ઘટાડાનાં પરિબળોમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં આવેલી મંદી તેમજ બેન્કમાં એલસીનું વધતું માર્જિન કસ્ટમ ડ્યૂટી ક્લીયરિંગ ઉપરાંત ૧૮ ટકા જેટલો જીએસટી સહિત ૫૫થી ૬૦ ટકા જેટલું રોકાણ વધી ગયું છે. હાલ ભચાઉ, ગાંધીધામ, અંજાર અને મુંદરામાં ૭૦૦ જેટલા લાયસન્સથી ૨૦૦૦ જેટલી સો મિલ કાર્યરત છે અને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧ લાખથી વધુ લોકોને આ ઉદ્યોગ રોજગારી પૂરી પાડી રહ્યો છે અને ૬૦થી ૭૦ જેટલી પ્લાયવૂડ ફેક્ટરીઓ ધમધમે છે.

આફ્રિકાના ગાના, ટ્રેગો, વેનીલા, નાઈજીરિયા, સુદાન, તાન્ઝાનિયા, પનામા, ઈક્વાડોર, હોસારિકા, બ્રાઝિલ, ન્યૂઝીલેન્ડ, મલેશિયા, હુડુરાસ, લાયબેરિયા, સોનોમન, સાબા સહિતના દેશોમાંથી કંડલા-મુંદરામાં ટિમ્બરની આયાત થાય છે. મુંદરા બંદરે મહિને ૩થી ૪ હજાર કન્ટેનર આવે છે. જ્યારે કંડલા બંદરે મહિને ત્રણથી ચાર મહાકાય જહાજો આવે છે. હાલ કંડલાની દરરોજની ત્રણસોથી વધુ ટ્રેઈલરો મારફત દેશના ૨૨ જેટલા રાજ્યોમાં ગાંધીધામથી લાકડાં પહોંચે છે.

ટિમ્બર ઉદ્યોગને સ્પર્શતા સળગતા પ્રશ્નોમાં સૌથી જટિલ પ્રશ્ન ન્યૂઝીલેન્ડ દ્વારા એમબીઆર દવા પર લાદવામાં આવનારો પ્રતિબંધ છે. દેશમાં જે ટિમ્બરની આયાત થાય છે તે ઓપન જનરલ લાયસન્સ તળે થાય છે પરંતુ ભારત સરકારના કૃષિ મંત્રાલયના પીપીક્યુ વિભાગ દ્વારા માલનું ક્લીયરન્સ જરૂરી છે. લાકડાંમાં કોઈ રોગ ન થાય તે માટે લાકડાંમાં એમબીઆર દવાનો છંટકાવ હોવો જરૂરી છે. જો આ દવાનો છંટકાવ ન હોય તો લાકડું પરત પણ મોકલી દેવાય છે. આ એમબીઆર દવાના છંટકાવથી ઓઝોનના સ્તરમાં નુકસાની થતી હોવાથી ન્યૂઝીલેન્ડ સહિતના નિકાસ કરતા દેશો દ્વારા એમબીઆર દવા પર આગામી ડિસેમ્બર મહિના સુધીમાં પ્રતિબંધ મૂકવામાં આવે તેવી શક્યતા છે.

કંડલા બંદરે આયાત થતા ટિમ્બરમાં ૪૦ ટકાથી વધુ લાકડું ન્યૂઝીલેન્ડના પાઈન લાકડાંનો સમાવેશ થાય છે. નિકાસ કરતા દેશ દ્વારા એમબીઆર દવાનો પ્રતિબંધ કરાશે જ્યારે કેન્દ્રના કૃષિ મંત્રાલય એમબીઆર દવા છંટકાવ કરાવે તેવો જ આગ્રહ રખાય છે, ત્યારે જો આગામી દિવસોમાં એમબીઆર દવાના અન્ય વિકલ્પને કૃષિ મંત્રાલય ગ્રાહ્ય નહીં રાખે તો કંડલાનો ટિમ્બર ઉદ્યોગ મૃતપાય અવસ્થામાં આવી જશે. કંડલા ટિમ્બર એસોસીએશનના પ્રમુખ શાંતિલાલ પારખે જણાવ્યું હતું કે, આ સંદર્ભે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરાઈ છે પરંતુ પરિણામ શૂન્ય છે. જો કૃષિ મંત્રાલયના પીપીક્યુ વિભાગ દ્વારા કોઈ અન્ય વિકલ્પ ગ્રાહ્ય રાખવામાં નહીં આવે તો આ બધા ઉદ્યોગની શું પરિસ્થિતિ સર્જાશે તેની કલ્પના માત્ર ધ્રુજારી ઉપજાવે તેવી છે. કંડલામાં આયાત થતા માલમાં ન્યૂઝીલેન્ડ પાઈન (સોફ્ટવૂડ)ની પેકિંગ કરાય છે. સોફ્ટવૂડ બનાવતી ૨૫થી વધુ ફેક્ટરીઓ કંડલા સંકુલમાં ધમધમે છે. જો આ પ્રશ્ને નિરાકરણ નહીં આવે તો એક્સપોર્ટનો ઊંચો ગયેલો ગ્રાફ કડડભૂસ થઈ જશે. બીજી સમસ્યા ડોલરનું વધતું મૂલ્ય છે. હાલમાં જ ડોલર ૬૮ રૂપિયા સુધી થયો. ડોલરના વધતા મૂલ્યથી ઉદ્યોગકારોને કરોડોનો ફટકો પડે છે. હાલ સરકાર ,ડિજિટલ ઈન્ડિયાને પ્રાધાન્ય આપે છે. પરંતુ ટ્રાન્ઝીટ પાસ ઓનલાઈન મળી શકે તે દિશામાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ શકી નથી. જો ટ્રાન્ઝીટ પાસ ઓનલાઈન મળે તો સમયની બચત ઘણી થઈ શકે છે. ગાંધીધામથી દરરોજ ૩૦૦થી વધુ ટીસી નીકળે છે. ૨૦૧૭માં કેન્દ્ર સરકાર દ્વારા આયાતી લાકડાંને ઈન્ડસ્ટ્રીને પરવાનાની જરૂરત નહીં રહે અને તેના અધિકારો રાજ્યને આપવામાં આવ્યા હોવાનું ગેઝેટમાં પ્રકાશિત થયું હતું, પરંતુ હજુ સુધી લાયસન્સની મુક્તિની દિશામાં કોઈ કાર્યવાહી થઈ નથી. કંડલા બંદરે આયાતી લાકડાંની ચોરીની પ્રવૃત્તિ બેરોકટોક છે. પોલીસે અનેક વખત આયાતી લાકડાંનો જથ્થો પકડ્યો છે. કેટલાક કિસ્સામાં આરોપીઓ ઝડપાયા પણ છે, પરંતુ આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ ઉદ્યોગકારો દ્વારા નથી કરાઈ. કેન્દ્ર સરકાર ૨૦૨૨ સુધી દરેકને ઘરનું ઘર હશે તેવી યોજના વિચારી રહી છે. પરંતુ ૧૮ ટકા જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાની માંગ સંતોષાઈ નથી. આ દિશામાં સરકાર વિચારે તો સમસ્યા વેઠતા ઉદ્યોગને રાહત મળશે તેવી લાગણી ટિમ્બર ઉદ્યોગકારોમાં પ્રબળ બની છે.



ગાંધીધામ સંકુલ નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલા લાકડાના બેન્સાની તસવીર (તસવીર : કુલદીપ દવે).

### ટિમ્બર ઉદ્યોગકારોનું દેશનું સૌથી મોટું સંગઠન કંડલા ટિમ્બર એસોસિયેશન

ગાંધીધામ, તા. ૫ : કંડલાના ટિમ્બર ઉદ્યોગકારોનું સંગઠન કંડલા ટિમ્બર એસોસિયેશન દેશનું સૌથી મોટું સંગઠન છે. ૧૯૮૫થી ટિમ્બરની આવજા કંડલા બંદરેથી શરૂ થયા બાદ ૧૯૯૦માં અશોક આગિયા દ્વારા કંડલા ટિમ્બર એસોસિયેશનની સ્થાપના કરવામાં આવી હતી. હાલ સંગઠનમાં ૧૨૦૦ જેટલા સભ્યો છે. ઉદ્યોગકારોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં સક્રિય ભૂમિકા નિભાવે છે.

### રૂપિયાના ધરખમ અવમૂલ્યનથી ટિમ્બર ઉદ્યોગમાં ૧૯૯૨માં ભારે ફટકો પડયો 'તો

ગાંધીધામ, તા. ૫ : ૧૯૮૫થી ટિમ્બરની આયાતની કંડલા બંદરેથી શરૂઆત થયા બાદ ત્રણ દાયકામાં એસિયાના સૌથી મોટા એવા આ ઉદ્યોગે અનેક ચડતી પડતી જોઇ છે પરંતુ સૌથી મોટો ફટકો વર્ષ ૧૯૯૨માં પડયો હતો.

**અનેક શો મિલ બંધ પડી ગઇ હતી : મહિનાઓ સુધી શૂન્યાવકાશ સર્જાયો 'તો**

૧૯૯૦ના અરસામાં કંડલા સંકુલમાં ટિમ્બર ઉદ્યોગ વેગવંતો બન્યો હતો. પરંતુ ૧૯૯૨-૯૩માં રૂપિયાનું ૫૦ ટકા જેટલું ધરખમ અવમૂલ્યન થયું હતું. આ પરિસ્થિતિથી ટિમ્બર ઉદ્યોગને ભારે ઝટકો લાગ્યો હતો. અનેક ઉદ્યોગકારોને કરોડોની નુકસાની ખમવી પડી હતી અને અનેકના ખાતા એનપીએ થયા હતા.

૧૯૯૨માં શો મિલોની સંખ્યા ૧૪૦થી વધુ હતી. આ ભારે નુકસાનના કારણે અનેક શો મિલ બંધ પડી ગઇ હતી અને સંખ્યા ઘટીને ૫૦ જેટલી થઇ હતી. અંદાજે ૬ મહિના સુધી શૂન્યાવકાશ જેવી પરિસ્થિતિ થઇ હતી. બીજો ફટકો એલસીનું માર્જીન વધતાં પડયો હતો. કેન્દ્ર સરકાર દ્વારા ઇમ્પોર્ટમાં એલસી માર્જીન ૨૦૦ ટકા કર્યું હતું. પરંતુ તેની અસર થોડો સમય સુધી જ રહી હતી.